# M.E.-M.Tech. પ્રવેશ માટે GATE આધારિત ઓનલાઈન નોંધણી શરૂ

**વિવિધ** શાખાઓમાં અંદાજે 358 જેટલી બેઠકો ઉપલબ્ધ

અમદાવાદઃ પ્રવેશ વર્ષ 2026-27 માટે રાજ્યની નામાભિધિનીત સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE) પ્રાઈવેટ યુનિવર્સિટીઓમાં M.E./M.Tech. અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની ઓનલાઈન નોંધણી પ્રક્રિયા તા. આજે 30 માર્ચ 2026થી શરૂ કરવામાં આવી છે.

રાજ્યની 6 પ્રાઈવેટ CoE યુનિવર્સિટીઓમાં 25 ટકા એસીપીસી બેઠકો પર માત્ર GATE પરીક્ષાના માન્ય (Qualifying) સ્કોરના આધારે પ્રવેશ આપવામાં આવશે. લાયકાત ધરાવતા ઉમેદવારો 30 માર્ચથી 9 એપ્રિલ 2026 સુધી ઓનલાઈન નોંધણી કરી શકશે. સમગ્ર પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન જ રહેશે. ઉમેદવારો પ્રવેશ પ્રક્રિયા, સંસ્થાઓ અને શાખાવાર ઉપલબ્ધ બેઠકો અંગેની વિગતવાર માહિતી સત્તાવાર વેબસાઈટ પરથી મેળવી શકશે. નોંધણી માટે gujacpc.admissions.nic.in- gujacpc.admissions.nic.in વેબસાઈટનો ઉપયોગ કરવો રહેશે. આ પ્રવેશ પ્રક્રિયામાં વિવિધ શાખાઓમાં અંદાજે 358 જેટલી બેઠકો ઉપલબ્ધ છે. B.E./B.Tech. પાસ થયેલા તેમજ હાલ અંતિમ સેમેસ્ટરમાં અભ્યાસ કરતા અને 2026માં પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ પણ નિર્ધારિત લાયકાતો પૂર્ણ કરવાની શરતે અરજી કરી શકશે.

ઉમેદવારોને પ્રવેશ સંબંધિત નવીનતમ માહિતી માટે સમયાંતરે એડમીશન કમિટીની વેબસાઈટ જોતા રહેવું. ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી સંલગ્ન સરકારી, અનુદાનિત અને પ્રાઈવેટ સંસ્થાઓ તેમજ અન્ય પ્રાઈવેટ યુનિવર્સિટીઓમાં M.E./M.Tech. પ્રવેશ માટે PGCET/GATE આધારીત પ્રવેશ પ્રક્રિયા મે/જૂન 2026 દરમિયાન જાહેર થવાની શક્યતા છે. તેમાં GATE સ્કોર ધરાવતા ઉમેદવારોને પ્રાથમિકતા આપવામાં આવશે.

# આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં

**રૂ.૨૦,૦૦૦** કરોડના પ્રોજેક્ટનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે

ગાંધીનગરઃ પીએમ નરેન્દ્ર મોદી આવતીકાલે, ૩૧ માર્ચ ૨૦૨૬ના રોજ ગુજરાતની એક દિવસની મુલાકાતે આવી રહ્યા છે. આ મુલાકાત દરમિયાન તેઓ રાજ્યના ઔદ્યોગિક, સાંસ્કૃતિક અને આંતરમાળખાકીય વિકાસને વેગ આપતા ૨૦,૦૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. પીએમ નરેન્દ્ર મોદી દ્વારા કેન્દ્ર સરકારના ઊર્જા, રેલવે અને માર્ગ પરિવહન મંત્રાલય હેઠળના મહત્ત્વના પ્રોજેક્ટ્સ ખુલ્લા મુકવામાં આવશે. ગ્રામીણ વિકાસને વેગ આપતા પીએમ નરેન્દ્ર મોદી 'પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)' અંતર્ગત રાજ્યના ૩૪ જિલ્લાઓમાં નવનિર્મિત ૩૮,૯૪૯ આવાસોમાં લાભાર્થીઓનો ગૃહપ્રવેશ કરાવશે. આ સિવાય જળ સંસાધન, આરોગ્ય, પ્રવાસન અને આદિજાતિ વિકાસ વિભાગના અનેક જનહિતલક્ષી કાર્યોની ભેટ પણ રાજ્યને મળશે.

## ગાંધીનગરમાં કોબા : જૈન વારસાનું પ્રદર્શન - 'સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલય'

મહાવીર જયંતિના પવિત્ર અવસરે વડાપ્રધાન ગાંધીનગરના કોબા તીર્થ ખાતે 'સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલય'નું ઉદ્ઘાટન કરશે. વિશેષતાઃ સાત ગેલેરીઓમાં વિભાજિત આ સંગ્રહાલયમાં ૨૦૦૦થી વધુ દુર્લભ જૈન કલાકૃતિઓ, પ્રાચીન હસ્તપ્રતો અને શિલ્પો પ્રદર્શિત કરવામાં આવ્યા છે. આધુનિકતાઃ પરંપરાગત પ્રદર્શનોની સાથે અહીં ડિજિટલ અને ઓડિયો-વિઝ્યુઅલ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે મુલાકાતીઓને જૈન ધર્મના ઇતિહાસની ઊંડી સમજ આપશે.

## રોડ, હાઈવે, ઊર્જા. રેલવે સહિતના વિકાસ પ્રોજેક્ટ

વડાપ્રધાન વાવ-થરાદ ખાતે એક વિશાળ જાહેર સભાને સંબોધશે અને અનેક મોટા પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કરશેઃ રોડ અને હાઇવેઃ રૂ.૫,૧૦૦ કરોડના ખર્ચે બનેલા અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસવેનું ઉદ્ઘાટન થશે. સાથે જ ગાંધીનગર-કોબા-એરપોર્ટ રોડ પર નવા ફ્લાયઓવરનું લોકાર્પણ કરાશે. ઊર્જા ક્ષેત્રઃ રૂ.૩,૬૫૦ કરોડના ખર્ચે ખાવડા પૂલિંગ સ્ટેશન-૨ અને ટ્રાન્સમિશન સિસ્ટમનું ઉદ્ઘાટન, જે ૪.૫ GW રિન્યુએબલ એનર્જીના વહન માટે સક્ષમ છે. રેલવેઃ કનાલાસ-જામનગર ડબલિંગ પ્રોજેક્ટ અને હિમતનગર-ખેડબ્રહ્મા ગેજ કન્વર્ઝનનું લોકાર્પણ. વડાપ્રધાન ખેડબ્રહ્મા-અસારવા ટ્રેનને લીલી ઝંડી આપશે. જળ વ્યવસ્થાપનઃ બનાસકાંઠા અને પાટણ માટે કસારા-દાંતીવાડા અને ડિંડ્રોલ-મુક્તેશ્વર પાઇપલાઇન પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કરાશે. શહેરી અને આરોગ્ય વિકાસઃ રાજ્યભરમાં રૂ.૫,૩૦૦ કરોડના ૪૪ શહેરી પ્રોજેક્ટ્સ તેમજ અમદાવાદ અને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં 'રેન બસેરા' (આશ્રયસ્થાન)નું ઉદ્ઘાટન. પ્રવાસનઃ પાટણની રાણકી વાવમાં લાઇટ એન્ડ સાઉન્ડ શો અને વડનગરના શર્મિષ્ઠા તળાવ ખાતે વોટર સ્ક્રીન પ્રોજેક્શન શોનું લોકાર્પણ.

## સાણંદ GIDCમાં 'કેન્સ સેમિકોન પ્લાન્ટ'નું ઉદ્ઘાટન કરશે

માઇક્રોન બાદ ભારતમાં કોમર્શિયલ પ્રોડક્શન શરૂ કરનારી આ બીજી સેમિકન્ડક્ટર સુવિધા હશે. અહીં એડવાન્સ્ડ ઇન્ટેલિજન્ટ પાવર મોડ્યુલ્સ (IPMs)નું ઉત્પાદન થશે, જે ઓટોમોટિવ અને ઇન્ડસ્ટ્રિયલ એપ્લિકેશન્સમાં વપરાય છે.

## અમદાવાદ મનપાના કરોડના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ

ખાતમુહૂર્ત પ્રકલ્પોમાં રૂ.1061.43 કરોડના ખર્ચે ખારીકટ કેનાલ ડેવલપમેન્ટ (એસ.પી. રિંગ રોડથી નરોડા-વટવા ફેઝ-2), રૂ.467 કરોડના ખર્ચે BRTS અને AMTS માટે ઈન્ટિગ્રેટેડ ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ અને ઓટોમેટિક ફેર કલેક્શન સિસ્ટમ રૂ.105.02 કરોડના ખર્ચે એલિસબ્રિજમાં ઈન્ટિગ્રેટેડ ગ્રુપ હાઉસિંગ પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

# ધો.12 વિજ્ઞાન પ્રવાહના ચાર વિષયોની પ્રોવિઝનલ આન્સર કી જાહેર

**કોઈ વાંધો** કે રજૂઆત 4 એપ્રિલ સુધી ઈ-મેઈલ દ્વારા જ સ્વીકારાશે

ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ 2026 દરમિયાન લેવામાં આવેલી ધો.12 વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાના ચાર મુખ્ય વિષયોની પ્રોવિઝનલ આન્સર કી બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર મૂકવામાં આવી છે.

શિક્ષણ બોર્ડના સચિવ આર. આર. વ્યાસએ જણાવ્યું હતું કે, માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ 2026 દરમિયાન લેવામાં આવેલી ધોરણ- 12 વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાના ગણિત, રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન અને જીવ વિજ્ઞાન વિષયોના પ્રશ્નપત્ર સેટ નંબર 1થી 20 માટેની આન્સર કી તૈયાર કરવામાં આવી છે. આ કી ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી માધ્યમના નિષ્ણાતો દ્વારા તૈયાર કરવામાં આવી છે.

વિદ્યાર્થીઓ અથવા સંબંધિત વ્યક્તિઓને આ પ્રોવિઝનલ આન્સર કી અંગે કોઈ વાંધો કે રજૂઆત કરવી હોય તો તેઓ બોર્ડની વેબસાઈટ પર આપેલા નિયત ફોર્મેટમાં વિષયવાર અને માધ્યમવાર પ્રશ્ન દીઠ અલગ-અલગ રજૂઆત 4 એપ્રિલ 2026ના સાંજે 5:00 વાગ્યા સુધી gshsebsciencekey@gmail.com ઈ-મેઈલ દ્વારા જ સ્વીકારવામાં આવશે. દરેક પ્રશ્ન માટે રજૂઆત કરતી વખતે રૂપિયા 500ની ફી SBI બેંકમાં ચલણ દ્વારા જમા કરાવવાની રહેશે. ચલણનો નમૂનો બોર્ડની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. રજૂઆત સાથે ચૂકવેલી ફીની રસીદની નકલ ઈમેઈલ દ્વારા મોકલવી ફરજિયાત રહેશે.

શિક્ષણ બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે, ઈમેલ સિવાયની અન્ય કોઈ રજૂઆત માન્ય ગણાશે નહીં. જો રજૂઆત યોગ્ય ઠરશે તો સંબંધિત પ્રશ્ન માટે ભરેલી ફી ઉમેદવારને પરત આપવામાં આવશે. વિદ્યાર્થીઓને સમયમર્યાદા અંદર યોગ્ય રીતે રજૂઆત કરવાની સૂચના આપવામાં આવી છે.

# તાપી જિલ્લાના આદિવાસી વિસ્તારો માટે રૂ.૧૬૦૦ કરોડની દિવાળી

**મુખ્યમંત્રીએ** ૧૬૫ ગામની તરસ છીપાવતી સિંચાઇ યોજનાઓનું લોકાર્પણ કર્યું

ગાંધીનગર, વ્યારાઃ સીએમ ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા તાપી જિલ્લાના આદિજાતિ વિસ્તારો માટે વિકાસના મહત્ત્વના પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યું છે. ઉકાઈ જળાશય આધારિત અંદાજિત રૂ.૧૬૦૦ કરોડથી વધુના ખર્ચે સાકાર થનારી વિવિધ ઉદ્વહન સિંચાઈ યોજનાઓનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રકલ્પોથી દક્ષિણ ગુજરાતના ડુંગરાળ વિસ્તારોના હજારો ખેડૂતોની ખેતી સમૃદ્ધ બનશે. મુખ્યમંત્રીએ રૂ.૯૬૨.૧૨ કરોડના ખર્ચે પૂર્ણ થયેલી સોનગઢ, ઉચ્છલ અને નિઝર ઉદ્વહન સિંચાઈ યોજનાનું લોકાર્પણ કર્યું હતું. આ યોજનાથી સોનગઢ, ઉચ્છલ, નિઝર અને કુકરમુંડા તાલુકાના કુલ ૧૩૬ ગામોને સીધો ફાયદો થશે. આશરે ૨૮,૦૦૦ હેક્ટર જમીનને સિંચાઈનું પાણી મળતા ખેડૂતો હવે બારેમાસ પાક લઈ શકશે.



## તાપી મૈયાના નીરના વધામણા

ઉચ્છલ તાલુકાના બાબરઘાટ ખાતે આયોજિત કાર્યક્રમમાં પ્રભારી મંત્રી નરેશ પટેલ, રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલ અને ડો. જયરામ ગામીતે ઉપસ્થિત રહી તાપી મૈયાના નીરના વધામણા કર્યા હતા. રાજ્ય સરકારના મંત્રીઓએ ખેડૂતોને ડ્રિપ ઇરિગેશન (ટપક સિંચાઈ) પદ્ધતિ અપનાવવા અને સરકારની સબસિડીનો લાભ લેવા પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે આદિજાતિ સમુદાયના ઉત્થાન અને ખેતીની સમૃદ્ધિની ઝાંખી દર્શાવતી એક શોર્ટ ફિલ્મ પણ દર્શાવવામાં આવી હતી. આ યોજનાઓના અમલીકરણથી તાપી જિલ્લો હવે સિંચાઈ ક્ષેત્રે સ્વનિર્ભરતા તરફ મક્કમ ડગ માંડી રહ્યો છે.

## બોરીસાવર યોજનાનું ખાતમુહૂર્તઃ સોનગઢ-વ્યારાને મળશે નવું બળ

આ પ્રસંગે રૂ. ૬૫૧.૩૭ કરોડના ખર્ચે સાકાર થનારી બોરીસાવર ઉદ્વહન સિંચાઈ યોજનાનું ઇ-ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું. આ યોજના દ્વારા સોનગઢ અને વ્યારા તાલુકાના ૨૯ ગામોની ૮,૦૦૦ હેક્ટરથી વધુ જમીન સિંચાઈ સુવિધાથી સજ્જ થશે. વર્ચ્યુઅલ સંબોધનમાં સીએમ ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, પીએમ નરેન્દ્ર મોદીએ હંમેશા 'સેચ્યુરેશન એપ્રોચ' અને વનબંધુ કલ્યાણ યોજના દ્વારા આદિજાતિ વિસ્તારોના સર્વાંગી વિકાસને પ્રાથમિકતા આપી છે. તેમણે ઉમેર્યું કે, આજે ઇજનેરી કૌશલ્યના સહારે આપણે ઉકાઈ ડેમનું પાણી ઊંચાઈવાળા ડુંગરાળ વિસ્તારો સુધી પહોંચાડી રહ્યા છીએ, જે છેવાડાના ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

## આદિજાતિ વિસ્તારોની શાળા, આરોગ્ય કેન્દ્રોને જોડતા રસ્તાઓ માટે ૩૬૨ કરોડ મંજૂર

ગાંધીનગરઃ રાજ્યના અંબાજીથી ઉમરગામ સુધીના આદિજાતિ પટ્ટામાં પાયાની સુવિધાઓ વધુ સુદ્રઢ બનાવવા માટે વનબંધુ કલ્યાણ યોજના હેઠળ આદિજાતિ ગામોની શાળાઓ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHC) ને પાકા રસ્તાઓથી જોડવા માટે ૩૬૨.૫૭ કરોડના કામોને મંજૂરી આપવામાં આવી છે. સીએમ ભૂપેન્દ્ર પટેલે આજે આ નિર્ણય લીધો હતો. ૨૯૩ જેટલા વિવિધ કામો મંજૂર કરાયા છે. અંદાજે ૩૨૫.૮૧ કિમી લંબાઈના પાકા રસ્તાઓ અને જરૂરી સ્ટ્રક્ચરનું નિર્માણ કરવામાં આવશે. આદિજાતિ સમુદાયના વિદ્યાર્થીઓને શાળાએ પહોંચવામાં સરળતા રહે તે માટે આ કનેક્ટિવિટી પૂરી પાડવામાં આવશે.

## અમદાવાદના વસ્ત્રાપુર લેકમાં લીલ જામી જતાં પારાવાર દુર્ગંધ



■ લોકો માટે હરવાફરવા માટે સુવિધા તો ઊભી કરવામાં આવે છે. પરંતુ જાળવણીના અભાવે ઘણીવાર સરકારનો હેતુ બળ આવતો નથી. અમદાવાદના વસ્ત્રાપુર લેકની કંઈક એવી જ હાલત છે. જ્યાં લીલ જામી જતાં પારાવાર દુર્ગંધ ફેલાઈ રહી છે. જેથી સ્થાનિક રહીશો મોર્નિંગ વોક કરવા માટે આવતા નથી. **(તસવીરઃ જનક પટેલ, અમદાવાદ)**

## અમદાવાદના ઘુમામાં વિખૂટા પડેલા છ વર્ષના બાળકનું માતા-પિતા સાથે મિલન

અમદાવાદઃ અમદાવાદ શહેરના ઘુમા BRTS બસ સ્ટેશન ખાતે મળેલા છ વર્ષના બાળકને તેનાં માતા-પિતા સાથે સુરક્ષિત રીતે મિલન કરાવી અમદાવાદ BRTS ટીમે પોતાની સતર્કતા, જવાબદારી અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. મળતી માહિતી મુજબ અરવિંદ મીણા નામનો બાળક પોતાનાં માતા-પિતા સાથે બહાર નીકળ્યો હતો, પરંતુ કોઈ કારણોસર તેઓથી તે વિખૂટો પડી જતાં ગભરાયેલી હાલતમાં ઘુમા BRTS સ્ટેશન પરથી મળી આવ્યો હતો. બાળકને એકલો ગભરાયેલી હાલતમાં જોઈ ત્યાં હાજર BRTS સ્ટાફે તાત્કાલિક દાખવીને બાળકને શાંત પાડ્યો હતો.. સ્ટાફે બાળક સાથે વિશ્વાસપૂર્વક વાતચીત કરી સ્થાનિક અધિકારીઓ સાથે તરત જ સંપર્ક કર્યો હતો. જેથી બાળકનાં માતા-પિતાનો સંપર્ક સાધવામાં સફળતા મળી અને બાળકને સુરક્ષિત રીતે તેમને પરત સોંપ્યો હતો.

# એકસાથે ૩ સિસ્ટમ સક્રિય થતાં ૫ એપ્રિલ સુધી 'માવઠા'ની આગાહી

**આગામી** દિવસો માટે 'યલો એલર્ટ', અનેક જિલ્લાઓમાં ગાજવીજ અને તેજ પવન સાથે કમોસમી વરસાદની ચેતવણી

અમદાવાદઃ ગુજરાતમાં ભરઉનાળે ચોમાસા જેવો માહોલ સર્જાયો છે. હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ લાઈન એમ એકસાથે ત્રણ સિસ્ટમ સક્રિય થવાને કારણે આગામી ૫ એપ્રિલ સુધી વાતાવરણમાં મોટો પલટો આવવાની શક્યતા છે. આ દરમિયાન અનેક જિલ્લાઓમાં ગાજવીજ અને તેજ પવન સાથે કમોસમી વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર ઉત્તર ઈરાન અને કેસ્પિયન સમુદ્ર પર સર્જાયેલું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને પંજાબ-હરિયાણા પરનું સાયક્લોનિક સર્ક્યુલેશન હવે ગુજરાત તરફ આગળ વધી રહ્યું છે. આ સિવાય અરબી સમુદ્રમાંથી આવતા ભેજવાળા પવનોને કારણે ટ્રફ લાઈન સક્રિય થઈ છે, જે રાજ્યમાં વરસાદી માહોલ બનાવી રહી છે. ભરઉનાળે માવઠાની આગાહીને પગલે ગુજરાતના ખેડૂતોમાં ભારે ચિંતા જોવા મળી રહી છે. તૈયાર પાકને નુકસાન થવાની ભીતિ હોવાથી હવામાન વિભાગે માર્કેટિંગ યાર્ડમાં રહેલા અનાજને સલામત સ્થળે ખસેડવાની સલાહ આપી છે.

હવામાન વિભાગના તાજેતરના આંકડાઓ મુજબ રાજ્યનાં વિવિધ શહેરોમાં ગરમીનો પારો ઊંચકાયો છે, જેમાં અમરેલી ૩૭ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર નોંધાયું છે. જ્યારે અન્ય જિલ્લામાં પણ ગરમી વધી છે.

## દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં વરસાદની વકી

-૩૧ માર્ચ, ૨૦૨૬ (યલો એલર્ટ): ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર, પંચમહાલ, દાહોદ અને મહીસાગરમાં વરસાદની શક્યતા છે. દક્ષિણ ગુજરાતના ડાંગ, નવસારી, વલસાડ અને સૌરાષ્ટ્ર-કચ્છના સુરેન્દ્રનગર, જામનગર, પોરબંદર, મોરબી, દ્વારકા અને કચ્છમાં ૩૦-૪૦ કિમીની ઝડપે પવન સાથે હળવો વરસાદ પડી શકે છે. ●-૨ એપ્રિલ, ૨૦૨૬: ફરી એકવાર નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થતાં નર્મદા, તાપી, નવસારી, ડાંગ અને વલસાડ સહિત કચ્છ જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. ●-૩ એપ્રિલ, ૨૦૨૬: ઉત્તર ગુજરાત અને કચ્છમાં વરસાદી રાઉન્ડ ચાલુ રહેવાની સંભાવના છે.

## સુડોકુ ૨૮૨૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | | | | | ૬ | ૫ | |
| | | ૩ | | | ૧ | | ૭ | |
| ૭ | | | ૫ | | | ૧ | | |
| ૩ | | ૭ | ૨ | ૫ | | ૮ | ૬ | ૧ |
| ૫ | ૧ | ૬ | | | | | ૨ | ૭ |
| ૯ | | ૨ | | ૬ | | | ૩ | |
| | ૩ | ૫ | | ૯ | ૨ | | | ૬ |
| ૨ | ૬ | | | ૧ | | | ૪ | ૮ |
| ૮ | | ૧ | | ૪ | | ૨ | | ૫ |

■ અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
■ દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
■ પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### મૂઢ માર, ઇજા

આંબા હળદર, સિંધવ, મેદા લાકડી સરખા ભાગે લઈ તેમાં કુમાર પાઠાની જેલ કાઢી ભેળવી, ખરલ કરવું. ચૂલા પર આ મિશ્રણ ગરમ કરી તેનો લેપ દુખતા ભાગ પર કરો. ઉપર કુમારપાઠુનું પાન ઊભું કાપી ગરમ કરી મૂકો. પાટો બાંધી દો. ત્રણ દિવસ કરવાથી સારું કામ કરે છે.

## શબ્દગુંફન - ૭૧૯૨

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**
૧. મોહક આંખવાળી (૪)
૪. બદદુવા (૨)
૬. સ્વતંત્રતા (૩)
૮. પૈસો (૨)
૯. કપડું - કાગળ વગેરેના ટુકડા (૪)
૧૧. અધોગતિ, હાર (૩)
૧૨. ન્યાય (૨)
૧૩. સાંભળવાનો અવયવ (૨)
૧૪. એક રાજા (૨)
૧૫. મરણની ઘડી (૪)
૧૭. કાગળ (૨)
૧૮. મોટું નગારું (૩)
૨૦. ઉંમર, આયુષ્ય (૨)
૨૨. પાણીનું પ્રાણી (૪)
૨૪. ધૂળ (૨)
૨૫. મધુર અવાજ (૪)
૨૭. વગાડવું તે (૩)
૨૮. મિથુન ચક્રવર્તીની એક ફિલ્મ (૪)
૩૦. અધીરાઈનું આકળાપણું (૪)
૩૧. દેવ (૨)

**ઊભી ચાવી**
૧. રત્ન (૨)
૨. શૂરવીર (૩)
૩. મર્યાદા (૨)
૫. શ્રી હનુમાન (૫)
૬. આજ્ઞા, મનાઈ (૨)
૭. સતેજ કરવું તે (૩)
૯. વિસ્તાર, પદવી (૨)
૧૦. રૂપાનું ચાંદી (૩)
૧૨. ઘરેણું (૩)
૧૩. સમય, વખત (૨)
૧૫. છેવટ, મૃત્યુ (૨)
૧૬. આંખમાં આંજવાની મેશ (૩)
૧૭. દૂધ, પાણી (૨)
૧૯. કંજૂસ (૩)
૨૦. પતિ (૨)
૨૧. આબરૂદાર, ભારવાળું (૫)
૨૨. એક ધાન્ય (૨)
૨૩. હોશિયાર, ચાલાક (૩)
૨૪. બાદ કરેલું, નકામું (૨)
૨૫. ક્રિયા, પ્રવૃત્તિ (૨)
૨૬. ઘોડેસવાર (૩)

## આજનું પંચાંગ

**તા. 31/03/2026, મંગળવાર**
**વિક્રમ સંવત** : 2082 **શાકે** : 1948
**વિક્રમ સંવત** : 2552 **માસ** : ચૈત્ર
**તિથિઃ** સુદ : તેરસ :06:57 પછી ચૌદસ
**અયન** : ઉત્તરાયન **ઋતુ** : વસંત
**રાષ્ટ્રિય દિનાંક** : ચૈત્રઃ 10 **યોગ** : ગંડ
**કરણઃ** ગર **નક્ષત્ર** : પુ.ફા.:15:22
**રાશિઃ** સિંહ (મ.ટ.) 21.35 પછી કન્યા
**દિવસ** : અશુભ - નૃસિંહ દોલોત્સવ, શિવદમનક ચતુર્દશી
**સુરતમાં સૂર્યોદય** : 06:34 **સુરતમાં સૂર્યાસ્ત** : 18:51
**નવકારસી** : 07:22
**પારસી વર્ષ** : 1395 આવા માસનો 19મો રોજ
**મુસલમાન વર્ષ** : 1447 શવ્વાલ માસનો 11મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળ** : બપોરે 15:00 થી 16:30 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** અચાનક તક મળે. ખાસ વિદ્યાર્થીઓને સફળતા મળે. પ્રેમમાં સહકાર અને આવકમાં વધારો.
**વૃષભ (બ,વ,ઉ,):** ઇચ્છિત શુભ સમાચાર મળે. નોકરીમાં નવા ફેરફાર થાય. ઘરમાં અવરજવરથી અશાંતિ.
**મિથુન (ક,છ,ઘ,):** નોકરી ધંધાર્થે પ્રવાસ અનુકૂળ રહે.ભાગ્યનો સાથ મળે. અચાનક નવી જવાબદારીથી પ્રભાવ વધશે.
**કર્ક (ડ,હ,):** આવકના રસ્તા ખૂલે. ઉઘરાણીની ચિંતા સતાવે. ઘરમાં તાલમેળથી નવા નિર્ણય લેવાય. મન અશાંત.
**સિંહ (મ,ટ,):** પ્રવાસમાં ધીરજ રાખવી. આગ-અકસ્માતથી નુકસાન થઇ શકે છે. વાદ-વિવાદ અને મજાકથી બચવું.
**કન્યા (પ,ઠ,ણ,):** ધર્મ-કર્મથી શાંતિ મળે. મનોરંજન પ્રવાસ થાય. અટકેલા કામમાં ગતિ આવે. ખર્ચા વધશે.
**તુલા (ર,ત,):** રોકાણમાં ધીરજ રાખવી. મિત્રો સાથે મજાક ટાળવી. સંતાનોના કામમાં પ્રગતિ થાય.
**વૃશ્ચિક (ન,ય,):** સંપત્તિનાં સોદો થઇ શકે. ધંધામાં આવક વધશે. નોકરીમાં નવી જવાબદારી વધશે.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** આનંદ-પ્રમોદ માટે પ્રવાસ થાય. વિદ્યાર્થીઓને સફળતા મળે. તમારા કામની કદર થાય. નવી જવાબદારી મળે.
**મકર (ખ,જ,):** વાણી પર કાબૂ રાખવો. અણગમતા સમાચાર મળે. જૂનાં દર્દો પરેશાન કરે. ચોર-લૂંટારુંથી સાવધાન.
**કુંભ (ગ,સ,શ,ષ,):** માન-સન્માનની ભાવનાને કારણે કામમાં વિલંબ થાય. રોજના કામમાં આવક વધશે.
**મીન (દ,ચ,ઝ,થ,):** હિત શત્રુઓથી નુકસાન થઇ શકે ચે. નોકરીમાં જવાબદારી વધશે. આરોગ્યના ખર્ચા વધશે.

## કોઈ પણ સાલમાં 31 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ ઉત્સાહજનક રહેશે. નોકરી-ધંધામાં નવી તકો ઊભી થાય. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણીની ચિંતા હળવી થાય. સમાજમાં યશ મળે. આર્થિક બાબતે સામાન્ય રહે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. ઉંમરલાયકનાં વિવાહ થાય. આધુનિક ટેકનોલોજીનો લાભ મળે. હરીફોથી સાવધાન રહેવું પડશે. આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે. નવા ઘર, વાહન, મકાન, કાયદા કાનૂન, વારસા, સમાજ જમીન, જાયદાદનાં કામના વડીલોની મદદ મલે. વિદેશનો કામ ધીમા પડે. વિદ્યાર્થીઓને મદદથી પ્રગતિનો અનુભવ થાય. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈ, રવિ, સોમ, બુધવાર તારીખ 4,13,22, 31 એ નવા કામ કરવા ભુરા રંગનો ઉપયોગ કરતાં રહેવું નવેમ્બર-ડિસેમ્બર શુક્ર શનિવાર 7,16, 25 તારીખ નવા કામમાં ટાળવી. સફેદ રંગનો ઉપયોગ નું કરવાનું ટાળવું.

# સત્તાવાર આદેશઃ તાપીમાં વાલોડ અને ઉચ્છલના ટીડીઓની બદલી

**તાપી** જિલ્લા પંચાયતના નાયબ ચીટનીશ પીયૂષ ગામીતની નિઝર તેમજ વિસ્તરણ અધિકારી રમેશ ગામીતની ઉકાઈ TDO તરીકે નિમણૂક

વ્યારાઃ રાજ્યમાં પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ, ગ્રામવિકાસ વિભાગ દ્વારા વર્ગ-2ના 40 જેટલાં તાલુકા વિકાસ અધિકારીની સંવર્ગમાં ફરજ બજાવતા કર્મીઓ તેમજ સાગમટે બદલી કરવામાં આવી છે. ત્યારે તાપી જિલ્લામાં વાલોડ તાલુકા પંચાયત ફરજ બજાવતા TDO નિમેશ પટેલની સોજિત્રા, આણંદ ખાતે અને ઉચ્છલ તાલુકા પંચાયતમાં ફરજ બજાવતા મહિલા TDO જુડીથ પટેલની ચીટનીશ કમ તાલુકા વિકાસ અધિકારી (જમીન દબાણ) તાપી જિલ્લા પંચાયત કચેરીમાં બદલી કરવામાં આવી છે.

રાજ્યમાં 158 જેટલાં વર્ગ-3ના કર્મચારીઓને વર્ગ-2માં તાલુકા વિકાસ અધિકારી તરીકે બઢતી આપવામાં આવી છે, જેમાં તાપી જિલ્લા પંચાયતનાં વર્ગ-3ના 2 કર્મચારીને TDOની બઢતી આપવામાં આવી છે, જેમાં જિલ્લા પંચાયત તાપીના નાયબ ચીટનીશ પીયૂષ ગામીતને તાલુકા પંચાયત નિઝર ખાતે અને જિલ્લા પંચાયતના વિસ્તરણ અધિકારી રમેશ ગામીતની ઉકાઈ તાલુકા પંચાયત કચેરીમાં બઢતી સાથે TDO તરીકે નિમણૂક કરવામાં આવી છે.

તાપી જિલ્લામાં ઉચ્છલ તાલુકામાં તાલુકા વિકાસ અધિકારી તરીકે નર્મદા જિલ્લા પંચાયતનાં નાયબ ચીટનીશ દિવ્યેશ વસાવા તેમજ વ્યારા તાલુકા પંચાયતમાં જૂનાગઢ જિલ્લા પંચાયત કચેરીમાં ફરજ બજાવતા વિસ્તરણ અધિકારી નરોત્તમ આહીરની તાલુકા વિકાસ અધિકારી તરીકે નિમણૂક કરવામાં આવી છે.

## તાપી જિલ્લામાંથી 3 RFOની બદલી

રાજ્યમાં વન વિભાગ દ્વારા 365 જેટલા RFOની બદલી કરવામાં આવી છે, જેમાં તાપીમાં વ્યારા વન વિભાગમાં પણ 3 RFOની જાહેર હિતમાં બદલી કરવામાં આવી હતી. સાદડવેલ રેન્જમાં ફરજ બજાવતા ચિરાગ અજરાની સોનગઢ વિસ્તરણ રેન્જ-સામાજિક વનીકરણ વિભાગમાં, મલંગદેવ રેન્જમાં ફરજ બજાવતા મહિલા RFO માર્ટિના ગામીતની FTC કાકરાપાર-3 રિસર્ચ રાજપીપળા ખાતે તેમજ સ્ટ્રાઈકિંગ ફોર્સ વ્યારામાં ફરજ બજાવતા સપના ચૌધરીની કામરેજ વિસ્તરણ રેન્જ સુરત સામાજિક વનીકરણ વિભાગમાં કરવામાં આવી છે.

## ડેડિયાપાડામાં અકસ્માતમાં યુવાનનું મોત

ભરૂચઃ ડેડિયાપાડા તાલુકાના ચીકદા ચોકડી નજીક રોડ પર ફોરવ્હીલ ચાલકે રાહદારીને ટક્કર મારતા થયેલા અકસ્માતમાં 38 વર્ષીય વ્યક્તિનું મોત થયાનું સામે આવ્યું છે. શનિવાર તા.28મી માર્ચે ડેડિયાપાડાની ચીકદા ચોકડીથી દક્ષિણ તરફ આશરે 1 કિ.મી. દૂર સાંજે લગભગ 8 વાગ્યાના સમયે અકસ્માત સર્જાયો હતો. જેમાં ફોરવ્હીલ ગાડી નં.(GJ-22-H-0025)ના ચાલકે વાહન બેદરકારીપૂર્વક હંકારી 38 વર્ષિય સુરેશભાઈ રામજીભાઈ વસાવા (રહે.,ખોખરાઉમર નિશાળ ફળિયું, તા.ડેડિયાપાડા, જિ.નર્મદા)ને ટક્કર મારી હતી. જેમાં સુરેશભાઈ વસાવાને કપાળ, ડાબી આંખની બાજુ તથા ચહેરાના ભાગે ગંભીર ઈજા પહોંચતાં તેનું સ્થળ પર જ મોત થયું હતું. અકસ્માત બાદ વાહનચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. આ બનાવ અંગે ખેતમજૂરી કરતા મૃતકના ભાઈ મથુરભાઈ રામજીભાઈ વસાવાએ ડેડિયાપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધ્યો હતો.